# બોરીજ ગામમાં પાણી આવતું ન હોવાથી ગ્રામજનોમાં રોષ

## ગટર ઉભરાતી હોવાથી ઠેર ઠેર ગંદકીના ઢગ : લોકોના આરોગ્ય સામે ખતરો

ગાંધીનગર, તા. ૨૮

શહેરને અડીને આવેલ બોરીજ ગામ પાયાની અનેક સુવિધાથી વંચિત છે. ગામમાં અસહ્ય ગંદકીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગંદકીના લીધે ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ગામના લોકોએ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છતાં તંત્રના બહેરાકાને ગ્રામજનોની રજુઆત સંભળાતી નથી. આથી ગ્રામજનો રોષે ભરાયા છે. અને તાત્કાલિક સુવિધા મળે તેમજ સાફ સફાઈ થાય તેવી માંગણી છે.





શહેરના જ-માર્ગ પર આવેલ બોરીજ ગામમાં પાયાની સુવિધા જેવી કે પાણી ગટર તેમજ રસ્તાની સગવડ પણ બોરીજ ગામમાં નથી. ગામમાં જૈન દેરાસર પાસે આવેલા વાસમાં ગટરલાઈન રસ્તા વચ્ચે ઉંચી હોવાથી આવન-જાવનમાં ગ્રામજનોને અગવડતા પડે છે. ગામમાં આવેલ ગટરલાઈન ઠેરઠેર ઉભરાય છે. તેમજ ગટરોના ઢાંકણ પણ નથીય ગટરોના ગંદા પાણી રસ્તા પર ફરી વળતા રસ્તા પણ ગંદકીથી ખદબદે છે. તેમજ ગામમાં ઓછો પ્રેશરથી પાણી આવતુ હોવાથી ગામના રબારીવાસ, ઠાકોરવાસ સહિત બીજા અન્ય ઘરોમાં પાણી આવતુ નથી. ગામમાં પાણીની વિકટ સમસ્યા છે. વધુમાં ગામમાં સાફ સફાઈ તંત્ર દ્વારા કરવામાં ન આવતા ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળે છે. ગટરોના પાણી ઉભરાઈને ગંદકીના સામ્રાજ્ય બની ગયા છે. અસહ્ય ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ ખુબજ પ્રમાણ છે. ગ્રામજનોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થાય તેવી સ્થિતિ છે.

આ અંગે તંત્ર સમક્ષ તેમજ સ્થાનિક કોર્પોરેટરને ગ્રામજનોએ રજુઆત કરી છતાં ગ્રામજનોના આ પ્રાણ પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. ગ્રામજનો તંત્ર દ્વારા પોતાના પ્રશ્નો હલ થાય તેની મીટ માંડીને બેઠા છે.

# જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા અન્નકુટ મહોત્સવ યોજાયો







ગાંધીનગર, તા. ૨૮

જગતજનની મા ભગવતી જગદંબાના પ્રાગટ્યદિન પોષીપૂનમના રોજ જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૩બી ખાતેના શક્તિ ચોકમાં શતક ભોગ અન્નકુટ મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

અન્નકુટમાં ૧૧૧ અવનવી વાનગીઓ, વિવિધ ફળોનાં જ્યુસ, પવિત્રતા પૂર્વક બનાવેલા હતા. રથેશ્વરી માતાજીને અર્પણ કરવામાં આવ્યા હતા. માતાજીની પૂજા-અર્ચના, ધૂન-પ્રાર્થના, ભક્તિવંદના, થાળ ગાન, સમુહ મહાઆરતી ઉતારવામાં આવી હતી. અન્નકૂટ દર્શનનો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો. ભાવનાબેન જોષી અને મંડળની બહેનોના સહયોગથી આનંદના ગરબા, સમુહ સવાધ્યાય યોજવામાં આવેલ હતો.

જય અંબે પરિવાર ત્રિવેણી પ્રવૃત્તિઓથી ખ્યાતનામ બનેલ છે. જેમાંથી રક્તદાન શિબિર યોજવામાં આવી હતી.

૧૭૦૦ માઈભક્તોએ પ્રસાદનો લ્હાવો માણ્યો હતો. પરિવારના નવા વર્ષનું સ્નેહમિલન તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

પરિવાર દ્વારા વિવિગ રોગ નિદાન શિબિર, વ્યસન મુક્તિ અભિયાન, પ્રતિમાસની પૂનમે જગદંબા ભક્તિ વંદના, સ્વાધ્યાય, નર્વાણમંત્ર લેખન પ્રવૃત્તિ, કરવામાં આવે છે. ૨૪ વર્ષથી ગાંધીનગરથી અંબાજી ભાદરવી પૂનમના મેળા નિમિત્તે પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે. મંત્ર લેખન બુક અને પેન પરિવારના કેન્દ્રો પરથી વિના મૂલ્યે આપવામાં આવે છે લખાયેલ બુક પરત લેવામાં આવે છે. જેનો લાભ લેવા પરિવારના પ્રમુખ લલિત પટેલે અનુરોધ કરેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૨૮

## તાપમાન

મહત્તમ : ૨૮.૬ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦

: સ્ક્રીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
રેસ-૨ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

### ચિરાગ, કલોલ

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. અમુબેન સનાજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ. પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. અમથીબેન સોમાભાઈ પટેલ (ઉ.વ. ૯૫) મુ. પો. તાજપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.
- સ્વ. મથુરજી માસંઘજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ. ફતેહપુરા, પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમલાબેન બાલેશ્વર પ્રસાદ (ઉ.વ. ૬૨) ક્વાટર નં. સી-૫/૩, જી.ઈ.બી. કોલેજની, ગાંધીનગર.

# ગાંધીનગરમાં આધારકાર્ડની કાર્યવાહીમાં મશીનરીના કારણે થતો અસહ્ય વિલંબ

## આંગળીઓના નિશાન મશીન ઝડપથી લઈ શકતુ નથી, મશીનની ગુણવત્તા અંગે શંકા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં આધારકાર્ડ નોંધણી અંગેની સેક્ટરવાઈઝ ગોઠવણી કરાઈ છે. આધારકાર્ડની નોંધણી થતી હોવાની કોઈ જ સત્તાવાર જાહેરાત ન થઈ હોવાથી નાગરીકો ઓછી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. છતાં પણ એક વ્યક્તિ પાછળ પણ ઘણો સમય વ્યતિત થઈ રહ્યો છે. જેમાં આંગળીઓના નિશાન મેળવતુ મશીન ઝડપથી કામગીરી કરતુ ન હોવાથી આમ બનતું હોવાનું જાણવા મળ્યું છે. જેથી નાગરીકોના કિંમતી સમયની બરબાદી થઈ રહી હોવાથી લોકોમાં આ કાર્ય પદ્ધતિ સામે આક્રોશ ઉભો થયો છે.

ગાંધીનગરના દરેક સેક્ટરોમાં આધાર કાર્ડ મેળવવા અંગેની નોંધણી પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં નાગરીકોને જેમ જેમ ખબર મળતી રહે છે તેમ તેમ તેઓ આ અંગે સક્રીય બન્યા છે. જેમાં દસ વ્યક્તિની નોંધણીમાં પણ લગભગ ત્રણેક કલાક જેવો સમય નીકળી જતો હોવાનું નાગરીકો જણાવી રહ્યા છે. આ નોંધણી સમયે નાગરીકોના હાથની આંગળીઓના નિશાન મેળવવા, આંખોની કિકીની પ્રિન્ટ, ફોટો તથા સંપુર્ણ વિગત નોંધ થાય છે. જેમાં હાથની આંગળીઓના નિશાન મેળવતુ મશીન ઝડપથી નિશાન મેળવી શકતુ નથી જેથી એક વ્યક્તિ પાછળ ઓછામાં ઓછો વીસ મિનિટ જેવો સમય પસાર થઈ જાય છે. જેથી પોતાના અગત્યના કામ પડતા મુકી આ કામગીરી અર્થે આવતા નાગરીકો ભારે આક્રોશ સાથે મશીનની ગુણવત્તા હલકી હોવાનો મત વ્યક્ત કરી રહ્યા છે.

સરકારી નોકરી કે અન્ય નોકરી કરતાં નાગરીકો, ધંધાદારીઓ આધાર કાર્ડ નોંધણીના અસહ્ય વિલંબથી નોંધણી કરાવવાનું ચાલુ દિવસે ટાળી રહ્યા છે. વધુમાં આ અંગે કોઈ જ જાતની જાહેરખબર કે સમાચાર તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ ન હોવાથી નાગરીકોમાં આ અંગેની જાણ ઓછી હોવાનું નાગરીકોની સંખ્યા ઉપરથી લાગી રહ્યું છે. તંત્ર દ્વારા નાગરીકોના સમયે અને સંયમને સમજી મશીનરી તેમજ કાર્યવાહી અંગે યોગ્ય કરે તેવી માંગ સર્વત્ર ઉભી થઈ છે.

# ટાઉનહોલમાં મધુર સંગીત સંધ્યાનું રજીએ આયોજન

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જગમુક્તેશ્વર ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી ભરત આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ફાઉન્ડેશનના પ્રેરમા સ્ત્રોત સ્વ. જગદીશચંદ્ર આચાર્યના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તા. ૨ ફેબ્રુઆરી-૨૦૧૩ને શનિવારે સાંજે ૭ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મધુર સંગીત સંધ્યા યોજાશે.

ફાઉન્ડેશનના પ્રેરણા સ્ત્રોત સ્વ. જગદીશચંદ્ર આચાર્યને સ્મરણાંજલિ આપવાના આશયથી યોજાનાર મધુર સંગીત સંધ્યાના સમારંભના પ્રમુખ તરીકે આઈ.એ.એસ. ભાગ્યેશ જહા અને અતિથિ વિશેષ તરીકે ક્રીશાંગ ગૃપ ઓફ કંપનીના ચેરમેન રાજુભાઈ રાવલ અને ડૉ. રાજશ્રી રાવલ ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સ્વ. જગદીશચંદ્ર આચાર્યના ગીતોની સી.ડી.નું અને સંસ્કૃત સાહિત્યનું વિમોચન કરવામાં આવશે. ત્યારબાદ સંસ્કૃત ભાષાના વિદ્વાનોનું અભિવાદન અને જૂના હિન્દી ગીતોની મધુર સંગીત સંધ્યા યોજાશે.

# એસ.ટી. ડેપોમાં મુસાફરનું પાકીટ સેરવી ગઠિયો પલાયન

## ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ પોલીસ ચોકી કાર્યરત ન થતા ગઠીયાઓને લહેર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પોલીસ પહેરાના અભાવે સલામતીના નામે મીંડુ છે. આજે પણ ડેપો સંકુલમાં સરખેજ રૂટની બસમાં ચઢતા મુસાફરનું ખિસ્સુ કપાયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. લાંબા સમયના અંતે પણ ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત પણ અધ્ધરતાલ છે.

શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં મુસાફરોની સલામતી દિન-પ્રતિદિન જોખમાતી જાય છે. ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે જાણભેદુ ગઠીયાઓ મોકાનો લાભ ઉઠાવી હાથ અજમાવી લે છે. બસમાં ચઢતા-ઉતરતા મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની અનેક ઘટનાઓના અંતે એસ.ટી.ની સવારી સલામત રહી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. રોજબરોજ પીક-પોકેટીંગના બનાવોના લીધે મુસાફરોમાં ભયની લાગણી પ્રવર્તી છે.

બીજી તરફ સલામતી વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ ચોકી પણ કાર્યરત ન થતા ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓને ખુલ્લો દોર મળ્યો છે. અગાઉ ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નિર્ણય લેવાયો હતો. આ તબક્કે પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાની માંગણી થતા આ મામલે કોઈ આખરી આયોજન થઈ શકયું ન હતું. શહેરના એસ.ટી. ડેપોમાં રોજબરોજ વિદ્યાર્થીઓ ઉપરાંત મહિલાઓ અને સિનિયર સિટિઝન્સની અવર જવર પણ વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં સલામતી વ્યવસ્થાના અભાવ વચ્ચે બસમાં ચઢતા-ઉતરતા મુસાફરોએ પીક-પોકેટીંગનો ભોગ બનવું પડે છે.

આજે પણ સરખેજ રૂટની બસમાં એક મુસાફરનું પાકીટ ચોરાયું હોવાનો બનાવ બનવા પામ્યો હતો. જો કે બનાવ સંદર્ભે પોલીસ ફરિયાદ થઈ ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

# ઔદ્યોગિક સલામતી ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ એવોર્ડ

ગુજરાત સરકાર તથા ગુજરાત સેફટી કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ અમદાવાદ ખાતે બે દિવસીય રાજય કક્ષાની ઔદ્યોગિક સલામતી કોન્ફરન્સનું શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી સૌરભભાઈ પટેલે ઉદઘાટન કર્યું હતું. તથા આ ક્ષેત્રે યશસ્વી પ્રદાન કરનાર વિશિષ્ટ વ્યકિતઓને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. શ્રમ વિભાગમાં તથા ઔદ્યોગિક સલામતી ક્ષેત્રે પચાસ વર્ષથી અવિરત સેવા આપતા અને સાત હજારથી વધુ સેફટી ઓફીસરો તૈયાર કરવામાં નોંધપાત્ર ફાળો આપનાર આર.સી. શાહને પણ આ તબક્કે એપ્રીસીએશન એવોર્ડથી સન્માનિત કરાયા હતા.



## ચિલોડાથી ચોરાયેલુ બાઈક સળગેલી હાલતમાં મળ્યું

ચિલોડા ખાતે આવેલ રાધીકા ટ્રેક્ટર્સના શૉ રૂમ પાસેથી ગતરોજ કોઈ અજાણ્યા ચોર ઈસમો બાઈક ઉઠાવી ગયા હતા. જે બાઈક આજે સવારે ક્રિષ્ના એગ્રો ઈન્ડસ્ટ્રીઝના સેડની નીચે સળગેલી હાલતમાં મળી આવ્યું હતું.

શહેરના સેક્ટર-૨૭ પ્લોટ નં. ૮૧૪ ખાતે રહેતા ચિરાગ અમરસિંહ ગોપાણી ચિલોડા-હિંમતનગરના સર્વિસ રોડ પર આવેલી રાધિકા ટ્રેક્ટર્સના શો રૂમ પાસે બાઈક નં. જીજે-૧૮-એ.એલ. પાર્ક કર્યું હતું. ત્યાં પાર્ક કરેલુ બાઈક કોઈ અસામાજીક તત્વો ઉઠાવી લઈ ગયા હતા. જ્યારે ચિલોડા પાસેથી બાઈક આજે સવારે ક્રિષ્ના એગ્રો ઈન્ડસ્ટ્રીઝના સેડની નીચે સળગેલી હાલતમાં મળી આવ્યું હતું. ચિલોડા પોલીસમથકે ગુનો નોંધી તપાસ ધરી છે.

# ચોરીના બનાવો બનતા અટકાવવા નાગરિકોને પોલીસનું સૂચન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતા ઘરફોડ ચોરી કરતા ઈસમો પણ સક્રિય બની ઘરફોડ ચોરીને અંજામ આપી રહ્યા છે ત્યારે શહેરમાં બનતા ચોરીના બનાવો અટકાવવા સે-૭ પોલિસ નગરજનોને ચોરીથી બચવા અને આર્થિક નુકશાન થતું અટકાવવા માટે જરુરી સૂચનો કર્યા છે અને શંકમંદ વ્યકિત તથા પોતાના બંધ મકાનની જાણકારી પોલીસ મથકમાં આપવી.

શહેરમાં ઘરફોડ ચોરી, વાહન ચોરી મંદિર ચોરી વિગેરેના બનાવોનો ગ્રાફ છેલ્લા ઘણા સમયથી વધવા લાગ્યા છે અને આ ચોરીઓ પોલીસના માથાના દુખાવા સમાન બની ગઈ છે. આથી પોલીસે ગુનાઓ બનતા અટકાવવા માટે નાગરિકોને જરુરી સૂચન કર્યા હતા. જયારે પણ મકાન માલિક મકાન બંધ કરી બહાર જાય ત્યારે પોલિસને જાણ કરે, બંધ મકાનમાં રોકડ કે દાગીના ના રાખે, પડોશીને જાણ કરે, ઘરકામ કરતા ઘરઘાટીઓની માહિતી પોલિસ મથકે આપી પોલીસને સાથ અને સહકાર આપવા સે-૭ પોલિસ મથકના પી.આઈ. પરમારે જણાવ્યું હતું.

# આંગણવાડીની બહેનોને પપેટ્સ તાલીમ આપતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ભાવનગરના લોકસેવક માનભાઈ ભટ્ટની ૧૨મી પુણ્યતિથિ પ્રસંગે નગરપાલિકા સંચાલિત આંગણવાડીની બહેનોને પપેટ્સ તાલીમ અને સાધન સહાયનો ચોથો કાર્યક્રમ તા. ૩૦મી જાન્યુઆરી-૨૦૧૩ને સાંજે ૪.૩૦ કલાકે શિશુવિહારના પટાંગણમાં યોજાશે.

શિશુવિહારમાં યોજાનાર પપેટ્સ તાલીમ અને સાધન સહાયના ચોથા કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર સમાચારના તારકભાઈ શાહ, નિશીથભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શહેરની કરચલીયા પરા, પ્રેસ રોડ વિસ્તારની શાળામાં અભ્યાસ કરતા ૧૫૦૦ થી વધુ બાળકોને પર્યાવરણ અંગેનો સંદેશ મળે તે હેતુથી પ્લાસ્ટિક બેગ નહી પણ કાપડ બેગ તે પ્રકારે લખેલ કેરી બેગનું વિતરણ થશે. જે ક્રમશઃ ભાવનગરથી ૭૨ શાળાઓના ૩૨૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

# વિરાટનગર હાઉસિંગ સોસાયટીના બગીચા પાસે કચરાના ઢગથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર હરીયાળા નગર અને સ્વચ્છ-સુઘડ નગરની ઉપમા પ્રસારવતું અને તંત્ર દ્વારા બણગા ફૂકાતુ નગર બન્યું છે. ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલી વિરાટનગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ.ના વિશાળ બગીચાનું તાજેતરમાં પુનઃ નિર્માણ કરવામાં આવ્યું છે જે સરાહનીય છે. પણ બગીચાની ચારે બાજુ ગંદકી, ખાડા-ટેકરા તથા કચરાના ઢગલા બગીચાની રોનક બગાડે છે.

વિરાટનગર કો.ઓ. હાઉસિંગ સોસાયટી લિ.ના ચેરમેન બળવંતરાય શુક્લએ આક્રોશ ઠાલવતા જણાવ્યું છે કે, સોસાયટીના બગીચાની ચારે બાજુ તાર ફેન્સીંગની બહાર ઘણી જ ગંદકી થઈ છે. સ્વચ્છતા, સુઘડતા અને પ્રાકૃતિક સૌંદર્યનો પર્યાય એવા બગીચામાં બેસવા, રમવા, સમય પસાર કરવા વડીલો, યુવાનો, બહેન, દીકરીઓ આવતા હોય છે. પરંતુ આ બગીચાની ચારે બાજુ ખુબ જ ગંદકી ફેલાઈ છે. આજુબાજુ ખાડા ટેકરા તથા કચરાના ઢગલા થઈ ગયા છે. આ જગ્યાને ચોખ્ખી કરાવી, સમતલ કરવામાં આવે તે જરૂરી છે. બગીચામાં લાઈટની વ્યવસ્થા અત્યંત જરૂરી હોઈ બગીચાની સુવિધા વધારવા તથા રોનક વધારવા, રમત ગમતના સાધનો, બેસવાના બાંકડા વગેરેની વ્યવસ્થા કરવા વસાહતીઓની માંગ છે.

# નારદીપુરમાં કથાકાર કર્ણવભાઈ જોષીની શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ગાંધીનગર, તા. ૨૮

લંબેનારાયણ આશ્રમ નારદીપુર ખાતે તા. ૨૯મી જાન્યુઆરીથી કથાકાર શ્રધ્ધેય કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આશ્રમમાં રાધાકૃષ્ણ ભગવાન તથા સંગેમેશ્વર મહાદેવના પાટોત્સવ નિમિત્તે સ્વ. ભીખાભાઈ માણેકલાલ શીવદાવ પટેલ પરિવારના મુખ્ય યજમાનપદે યોજાશે, કથા બપોરે ૧ થી ૫ દરમિયાન થશે. પોથીયાત્રા તા. ૨૯મી જાન્યુઆરીએ નિયમ માર્ગે ફરીથી કથા સ્થલે વરઘોડો સ્વરૂપે પહોંચશે. શ્રીમદ્ ભાગવત કથામાં કપિલ જન્મોત્સવ સાંખ્ય દર્શન, નૃસિંહ પ્રાગટ્ય ઝાંખી દર્શન, હરિ શરણ મનોરથા વામન પ્રાગટ્ય થશે.